વડીલોને વંદન
અભિનંદન



હર્ષદકુમાર એચ. ગાંધી
(૧૯૪૫) ફોન: ૨૩૨૨૬૦૬૨

# રાજ્યમાં ૫ વર્ષમાં પ્રવાસીઓની સંખ્યામાં ૫૦ લાખનો વધારો

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત પ્રાચીન કાળથી અતિથી દેવો ભવઃની ભાવના સાર્થક કરી રહ્યું છે. ગુજરાતીઓની સ્વભાવગત લાગણીને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉપાડી લઇને ગુજરાતમાં પ્રવાસન પ્રવૃત્તિમાં નોંધપાત્ર વેગ આણ્યો છે. પ્રવાસન રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભા ગૃહમાં પ્રવાસન વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રવાસનના વિકાસની સાથોસાથ સર્વાંગી આર્થિક વિકાસને પણ કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યો છે.

ગુજરાતમાં પાંચ વર્ષમાં પ્રવાસીઓની સંખ્યામાં વર્ષે ૫૦ લાખનો વધારો થયો છે. અને પ્રવાસીઓ માટેની વ્યવસ્થાઓ વધુ મજબૂત કરવા પ્રવાસન વિભાગના અંદાજપત્રમાં પાંચ ગણો વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતના પ્રવાસન રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ખુશ્બુ ગુજરાત કી ચોમેર પ્રસરી છે. અને લોન્લી પ્લાનેટ જેવા વિશ્વકક્ષાના માધ્યમે ગુજરાતને વિશ્વના પ્રથમ ૧૦ પ્રવાસન સ્થળોમાં અકલ્પનીય પ્રવાસન સ્થળ તરીકે ગણાવ્યું છે ત્યારે ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસની સાથોસાથ નાગરિકોનો આર્થિક વિકાસ પણ થાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

ગુજરાત નહીં દેખા તો કુછ નહીં દેખા જેવી લાગણી વિશ્વના પ્રવાસીઓમાં પ્રસરી રહી છે તેનો ઉલ્લેખ કરતાં મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતુંકે, વનવાસ દરમિયાન ભગવાન રામ દંડાકરણમાં વિચર્યા હતા. અત્યારના ડાંગ જિલ્લામાં આવેલા શબરીધામ, પંપા સરોવર, અંજનકુંડ, અટાલા ડુંગર, ઉનાઇ અને રામેશ્વર જેવા પવિત્ર ઐતિહાસિક સ્થળોએ આવરી લઈને પ્રવાસન સર્કીટ-રામ ટ્રેઇલનો વિકાસ કરાશે. આ માટે રૂા. ૪૦ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવશે. ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારાને વધુ વિકસાવવા મોન્સુન ફેસ્ટીવલ, પેરગ્લાઈડીંગ-એડવેન્ચર સ્પોર્ટસ અને નવા તળાવના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ તમામ સ્થળોએ પ્રવાસીઓ માટે ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે પ્રવાસન નિગમ દ્વારા આધુનિકરણ-નવીનીકરણ જેવા કામો હાથ ધરાયા છે. સાપુતારા, અમદાવાદ, જુનાગઢ અને દ્વારકામાં આવેલી પ્રવાસન નિગમની હોટેલ્સની આજે પબ્લીક સેકટરની શ્રેષ્ઠ ગુણવત્તાવાળી હોટલમાં ગણના થાય છે.

આ ઉપરાંત પાવાગઢ, માઉન્ટ આબુ, પાલીતાણા, મોઢેરા, પોરબંદર, ધોળાવીરા અને ચલથાણ ખાતે હોટેલ્સના રિનોવેશન અને અપગ્રેડેશનની કામગીરા ચાલુ છે. પ્રવાસન નિગમના પ્રોત્સાહન અને સહયોગથી અમદાવાદ, રાજકોટ, દ્વારકા, ગાંધીધામ અને ભૂજ ખાતે પ્રાઈવેટ સેક્ટર્સની ઘણી હોટેલ્સ પણ નિર્માણાધીન છે.

## ખેરોજ કંપા ગામે બસ ન ઉભી રાખવા બાબતે વિદ્યાર્થીઓએ એસ.ટી. બસના ચાલકને ફટકાર્યો

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ખેરોજ કંપા નજીક માર્ગ પર બસ ઉભી ન રાખવા બાબતે રામનગરના વિદ્યાર્થીઓએ એસ.ટી. બસના ડ્રાઈવરને ગડદાપાટુનો માર મારી બસમાં ભારે તોડફોડ મચાવી હતી. ભિલોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ભિલોડાના ખેરોજ કંપા નજીક રામનગરના કેટલાક ઈસમોએ ગેરકાયદેસર મંડળી રચીને ગાંધીનગરથી ભિલોડા તરફ આવતી બસ નં. જીજે-૧૮-વાય-૫૬૫૩ના ડ્રાઈવર જાનમહમંદ મકરાણીને બસમાંથી નીચે ઉતારી માર્ગમાં ગાળાગાળી કરી તેને જોરદાર ગડદાપાટુના માર માર્યો હતો. બાદમાં એસ.ટી. બસના કાચ લાઈટ ડેશબોર્ડ વાયરીંગ બેક પાઈપ વગેરેને તોડફોડ કરી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. જે અંગે બસના ચાલકે વિજયનગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉમરેઠ-ડાકોર માર્ગ પર અંધારપટ

ઉમરેઠ-ડાકોર હાઈ-વે માર્ગ પર ડીવાઈડર બનાવવામાં આવ્યા હતા. તેમજ ડીવાઈડરની અંદર લાઈટના થાંભલા નાંખી લાઈટો ચાલુ કરવામાં આવી હતી. લાઈટોના કારણે માર્ગની સુંદરતામાં વધારો થયો હતો પરંતુ ઉમરેઠ-ડાકોર માર્ગ પર તંત્ર દ્વારા નવીન વિજથાંભલાની કાળજી રાખવામાં ન આવતા વીજ થાંભલા બંધ થઈ જતાં માર્ગ પર અંધારપટ છવાઈ ગયેલું રહે છે. માર્ગ પર દવાખાના, સ્કૂલો તેમજ રહેણાંક મકાનો આવેલા છે. ફાગણી પૂનમ નજીક હોવાથી આ માર્ગ પરથી પદયાત્રીઓ પસાર થાય છે. પૂનમ પહેલા માર્ગના વિજ થાંભલાની લાઈટો ચાલુ થાય તેવી માંગણી આ વિસ્તારના રહિશો કરી રહ્યા છે.

# અમદાવાદમાં બે માળનું મકાન ધડાકાભેર તૂટી પડતાં બે વ્યક્તિનાં મોત

## મકાનમાં રીપેરીંગનું કામ ચાલતું હતું ત્યારે અચાનક જ મકાન ધડાકાભેર તૂટી પડ્યું

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલી દેવસાની પોળમાં એક જૂનું જર્જરિત મકાન એકાએક ધડાકાભેર તૂટી પડતાં બે વ્યક્તિઓનાં દટાઈ જવાથી મોત નિપજ્યા હતા. બે માળના મકાનમાં રીપેરીંગનું કામ ચાલતું હોવાથી તેમાં બે વ્યક્તિઓ કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ મકાન ધડાકાભેર તૂટી પડ્યું હતું. મકાન તૂટી પડતાં લોકોમાં નાસ ભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ ફાયર બ્રિગેડ તેમજ પોલીસને કરાતાં કાફલો તાત્કાલિક ઘટના સ્થળે ધસી જઈ કાટમાળમાં દબાયેલા બે વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. કાલુપુર પોલીસે આ અંગે ગુનો નોંધી હાલ વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે શહેરના કાલુપુર વિસ્તારમાં આવેલા રીલીફ રોડ પર દેવસાની પોળ આવેલી છે. આ પોળના એક જૂના બે માળના મકાનમાં રીપેરીંગનું કામ ચાલી રહ્યું હતું. આ મકાનમાં બે વ્યક્તિઓ ઈલેક્ટ્રિકનું કામ કરી રહ્યા હતા. તે દરમ્યાનમાં બપોરે ૩.૪૫ વાગ્યે અચાનક જ મકાન ધડાકાભેર તૂટી પડ્યું હતું. અને મકાનનાં કાટમાળ નીચે બે વ્યક્તિઓ દબાઈ ગયા હતા. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતાં કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ અને કાટમાળમાંથી બે મૃતદેહોને બહાર કાઢ્યા હતા. પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં મૃતકનું નામ (૧) મહેશભાઈ ઓઝા (ઉ.૫૩, રહે. ભાગ્યોદય સોસાયટી, ઘાટલોડિયા) (૨) નટુભાઈ વાઘેલા (ઉ. ૪૦, રહે. દૂધેશ્વર નદીના પટમાં) હોવાનું જાણવા મળ્યું હતું. આ બંને મકાનમાં ઈલેકટ્રીકનું કામ કરી રહ્યા હતા. તે દરમ્યાન મકાન તૂટી પડતાં બંનેનું કાટમાળ નીચે દબાઈ જવાથી મોત નિપજ્યું હતું. પોલીસે હાલ આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અનુસૂચિત અને વિકસતી જાતિને ઘર બનાવવા ૧૪૩.૨૫ કરોડની સહાય

ગાંધીનગર, તા. ૨૨

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરાએ આજે નવી જાહેરાતો કરતાં જણાવ્યું હતું કે, અનુસુચિત જાતિઓના બાળકો માટેની આદર્શ નિવાસી શાળાઓમાં ઈંગ્લીશ લેંગવેજ લેબ શરુ કરવામાં આવશે. ભાવનગર અને થરાદમાં રૂા. ૧૦૦ લાખના ખર્ચે સરકારી કન્યા છાત્રાલયમાં નવા મકાનનું બાંધકામ કરાશે. રાજ્યની ૮ આદર્શ નિવાસી શાળાઓમાં ધો. ૯થી ૧૨ના સામાન્ય પ્રવાહના વર્ગો શરૂ કરવામાં આવશે.

આજે વિધાનસભામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપતાં રમણલાલ વોરાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના પરિવારો માટે રાજ્ય સરકારે ઝૂંપડું ત્યાં ઘર યોજના જાહેર કરીને રૂા. ૪૫,૦૦૦ની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ઝૂંપડું ત્યાં ઘર યોજના અંતર્ગત રૂા. ૧૪૩.૨૫ કરોડની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે.સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રની કુલ રૂા. ૧૭૯૫.૫૬ કરોડની જોગવાઈમાં અનુસુચિત જાતિ અને વિકસતી જાતિના બાળકો માટેની વિવિધ શૈક્ષણિક યોજનાઓ માટે કુલ રૂા. ૧૦૫૦.૮૧ કરોડ ફાળવવામાં આવ્યા છે.

જે કુલ બજેટનાં ૭૬.૪૮ ટકા રકમ છે. તેનો ઉલ્લેખ કરીને વોરાએ જણાવ્યું હતુંકે, અનુસુચિત જાતિ અને વિકસતી જાતિના બાળકોની પ્રાથમિક શિક્ષણથી લઈને પાયલોટ પ્રશિક્ષણ સુધીની જવાબદારી રાજ્ય સરકાર નિભાવી રહી છે.

વિકસતી જાતિના કલ્યાણ માટેની બાબતો વિશે બોલતાં તેમણે જણાવ્યું હતું કે, ભાવનગર અને ખંભાતમાં સરકારી કુમાર છાત્રાલય માટે અદ્યતન સુવિધા વાળા નવા મકાનોનું નિર્માણ કરવામાં આવશે. વલસાડ અને વલ્લભ વિદ્યાનગર ખાતે ચાલતા સરકારી કન્યા છાત્રાલયો માટે અદ્યતન સુવિધાવાળા નવા મકાનોનું નિર્માણ કરવામાં આવશે.

જામ ખંભાળિયા તથા ખંભાત ખાતે ચાલતી આદર્શ નિવાસી શાળાઓનું બાંધકામ કરવામાં આવશે તથા રાજ્યની ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૧ નો વર્ગ શરુ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. એટલું જ નહીં અગરીયાઓ માટેની પાંચ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૨નો વર્ગ શરુ કરવાનું આયોજન છે.

રમણલાલ વોરાએ નવી જાહેરાત કરતાં જણાવ્યુ ંહતું કે, અભિનય, દિગ્દર્શન, સંપાદન અને ફોટોગ્રાફી જેવા સર્જનાત્મક ક્ષેત્રોમાં પણ અનુસુચિત જાતિ અને વિકસતી જાતિનાં યુવાનો કાંઠું કાઢી શકે તે માટે યુવાનોને આ યોજના અંતર્ગત રૂપિયા ૫૦ હજારની સહાય આપવાનું રાજ્ય સરકારે વિચાર્યું છે. આ અંદાજપત્રમાં ૪૦૦ યુવાનોને આ સહાય આપવા માટે રૂપિયા ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



## પ્રાંતિજ શહેર-તાલુકા ભાજપ પ્રમુખની વરણી

પ્રાંતિજ શહેરના દશમાતા વાડી ખાતે તાલુકા ભાજપ કાર્યકરોની બેઠક મળી હતી. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં પ્રાંતિજ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે રમેશભાઈ પટેલ અને શહેર પ્રમુખ તરીકે સતીશભાઈ મનુભાઈ પંડયાની વરણી કરવામાં આવી હતી. નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલનું કાર્યકરોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા મહામંત્રી દિપસિંહ રાઠોડ, જયેન્દ્રસિંહ રાઠોડ, વી.ડી. ઝાલા, પાલિકા પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈ, અરવિંદભાઈ, જગદીશભાઈ, નિરવભાઈ, રતિભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં આવેલા કાર્યકરોને લોકસભા ચુંટણીની તૈયારીઓ તેમજ સંગઠનને મજબુત બનાવવા હાકલ કરવામાં આવી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## લોકાયુક્તનો નવો કાયદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારે વિધાનસભામાં એકાએક લોકાયુક્ત અંગેનો નવો કાયદો લાવવાની -ક્રિયાથી ઘેરા -ત્યાઘાત પડ્યા છે.

વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ તેમના -ત્યાઘાતમાં કહ્યું હતું કે લોકાયુક્તની નિમણૂક કરી દેવામાં આવી છે છતાં રાજય સરકારે તેનું પાલન નહી કરીને રાજય સરકારનો ભ્રષ્ટાચાર છૂપાવવાની કોશિષ કરી છે. હવે આ નવા કાયદામાં રાજયપાલના અધિકારો ઉપર તરાપ મારવામાં આવી છે જે કોંગ્રેસ ચલાવી લેશે નહીં. અમે આ વિધેયકનો સભાગૃહમાં અને સભાગૃહની બહાર વિરોધ કરીશું. ગુજરાત પરિવર્તન પાર્ટીના ગોરધન ઝડફિયાએ કહ્યું હતું કે લોકાયુક્તના નવા બીલનો અમે ગુજરાતભરમાં દેખાવો કરી વિરોધ કરવાના છીએ.

દરમ્યાન, રાજયકક્ષાના કાયદામંત્રી -દિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે લોકાયુક્તનું વિધેયક સત્રના છેલ્લા દિવસોમાં ગૃહમાં રજૂ કરવામાં આવશે. વિધાનસભામાં નવા લોકાયુક્ત વિધેયક અંગેની નોટીસ ઈસ્યુ થઈ ગઈ છે.

ફાયર સેફ્ટિ એક્ટ

રાજય સરકાર આગની ઘટનાઓમાં વધારે કડક થઈને એક નવો કાયદો લાગુ કરવા જઈ રહી છે જેમાં કોન્સોલિડેટેડ ફંડ તરીકે સરકારે ૧૯૦.૨૨ કરોડ ખર્ચવાનું નક્કી કર્યુ છે. આ કાયદામાં નોર્મ્સનું પાલન ન થાય તો આકરા દંડ અને સજાની જોગવાઈ સૂચવવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં થયેલી એક રીટ પિટીશન પછી સરકારે બનાવેલી કમિટીના સૂચનો પછી આ કાયદો બનાવવામાં આવ્યો છે.


ભારતના મુંબઈ, દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈ, બેંગ્લોર અને હૈદરાબાદ જેવા રાજયોમાં ફાયર સેફ્ટિ અંગેનો કાયદો અસ્તિત્વ ધરાવે છે. ગુજરાતમાં હાલ જીડીસીઆરના ધોરણે ફાયરસેફ્ટિના નોર્મ્સનું પાલન કરવામાં આવી રહ્યું હોવાથી રાજયભર માટે એકસરખા નોર્મ્સ બને તે માટે આ વિધેયક દાખલ થઈ રહ્યું છે. સૂચિત કાયદામાં કેદની સજા અને આકરા દંડની જોગવાઈ સૂચવવામાં આવી છે. આ કાયદામાં વાર્ષિક ધોરણે ફાયર ટેક્સ લેવાની જોગવાઈ પણ કરવામાં આવી છે, જે કોમર્શિયલ, રેસિડેન્સિયલ તેમજ ઔદ્યોગિક વિસ્તાર માટે અલગ અલગ રહેશે. હાઈરાઈઝ બિલ્ડીંગ્સમાં ટેક્સના દર ઉંચા રાખવામાં આવશે.

રાજયના શહેરી વિકાસ મંત્રી આનંદીબહેન પટેલ દ્વારા રજૂ થઈ રહેલા સૂચિત ફાયર સેફ્ટિ એક્ટમાં એવી જોગવાઈ છે કે જેનો અમલ સમગ્ર રાજયમાં થશે. ડાયરેક્ટર, ફાયર અને સેફ્ટિ ઓફિસરોની નિયુક્તિ પણ કરવામાં આવશે.

## બહુમાળી મકાનનું.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ શરૂ કરવામાં આવ્યું હતું. રૂ. ૬૦ કરોડના ખર્ચે નિર્માણ પામતા આ બિલ્ડીંગમાં કેન્ટીન, તેમજ ફાયર ફાઈટીંગ સિસ્ટમ પણ સમાવાશે જ્યારે પાર્કિંગ પ્રોબ્લેમ ન થાય તે માટે વાહનપાર્કિંગ માટે બેઝમેન્ટ પણ બનાવાયું છે જ્યારે મુલાકાતીઓ માટે વાહન પાર્કિંગની ઓપન સ્પેશ રાખવામાં આવી છે. જ્યારે બિલ્ડીંગને અનુલક્ષી કેમ્પસમાં રસ્તાનું કામ પણ હાથ ધરવામાં આવનાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી તા. ૧૫ ઓગષ્ટ સુધીમાં બિલ્ડીંગનું કામ પૂર્ણ કરી સંબંધિત વિભાગને સોંપી દેવાશે ત્યારબાદ ફર્નિચરનું કામ પણ હાથ ધરાશે.

## શબ્દાવલી - ૫૦૧૫



### આડી ચાવી

૧. જોરથી વરસતો વરસાદ (૪)
૨. મિશ્રી, શક્કર (૩)
૫. એક વાદ્ય, નરસિંહ મહેતાનું વાદ્ય (૪)
૬. ખૂબ ધમાલ, દોડાદોડી તોફાન (૪)
૯. ... થવું, પાઈપલાઈનમાંથી કયાંકથી થોડું થોડું પાણી વહે તે (૨)
૧૦. ગામની શરૂઆત.... થી થાય (૩)
૧૧. કિનાર, ધાર (૨)
૧૩. કાર્ય (૪)
૧૫. જમવાનું, દિવસ (૩)
૧૬. સાજન, પ્રિયતમ (૩)
૧૮. કર, ટેક્ષ (૨)
૧૯. દોરાની રીલ (૩)
૨૧. દાખલાની..., આંકડા (૩)
૨૨. ડૂચા, ગાભા (૨)

### ઊભી ચાવી

૧. મારપીટ (૫)
૨. પ્રતિષ્ઠા (૨)
૩. કવાલ લોકો.... ગાય (૩)
૪. ધૂળનું નામનું કણ (૪)
૭. અભિમાન, ગુમાન (૨)
૮. કાણા પાડવાનું કાર્ય (૪)
૧૧. કોલા, એક પીણું (૨)
૧૨. રજવાડાનું (૪)
૧૪. પારો, મોતી (૩)
૧૫. સ્હેજ, થોડુંક (૩)
૧૭. મીર્ચ, ... બહુ તીખા હોય (૩)
૧૮. ... ઝેર, દુશ્મની (૨)
૨૦. કીડીને ... હાથીને મણ (૨)

### શબ્દાવલી ૫૦૧૪ના જવાબ

**આડી ચાવી :-** (૨) નકુચો (૪) ખાસ (૬) યશ (૯) તરબોળ (૧૧) રેશમ (૧૨) ચીડ (૧૩) વડુ (૧૫) હાલ (૧૬) ઓટ (૧૭) પારો (૧૯) જણ (૨૦) નાયક (૨૧) ઉપનામ

**ઊભી ચાવી :-** (૧) પ્રિયતમ (૩) કુંપળ (૫) સહમત (૭) સર (૮) ઘરેડ (૧૦) બોતડુ (૧૨) ચીવટ (૧૩) વલણ (૧૪) ઉપાય (૧૫) હાજર (૧૬) ઓછપ (૧૮) રોકડ (૨૦) નામ

## ફસ્ટ ગુજરાત સ્ટેટ વુશુ-કુંગ-ફુ (સાન્ડા ઈવેન્ટ) ચેમ્પીયનશીપમાં સાબરકાંઠાના બાળકો ચમક્યા

ફસ્ટ ગુજરાત સ્ટેટ વુશુ-કુંગ-ફુ (સાન્ડા ઈવેન્ટ) ચેમ્પીયનશીપ હિંમતનગર ખાતે સાબર સ્ટેડીયમમાં યોજાઈ હતી. જેમાં કુલ ૧૨૫ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સાબરકાંઠાના બાળકોએ પણ ભાગ લીધો હતો. દરેક બાળકોએ અલગ અલગ કેટેગરીમાં મેડલ મેળવી સાબરકાંઠા ખાતે ટોટલ ૫૮ મેડલ જીતી જિલ્લાનું નામ રોશન કર્યું હતું. સાબરકાંઠામાંથી પ્રાંતિજ, આંબલીયારા, હિંમતનગર, ધનસુરા તેમજ મોડાસાની શાળાઓના બાળકોએ ભાગ લીધો હતો. આ કોમ્પીટીશનમાં ૫ વર્ષના બાળકોથી માંડીને મોટી વયના ભાઈઓએ પણ ભાગ લીધો હતો. કોમ્પીટીશનનું સફળતાપૂર્વક આયોજન હાર્દિક બ્રહ્મભટ્ટ, દશરથ મહેરા તેમજ હરેશ સેનમાએ કર્યુ હતું. વુશુ-કુંગ-ફુ (સાન્ડા ઈવેન્ટ) ફેડરેશન ઓફ ઈન્ડીયાના જનરલ સેક્રેટરી ગજાનંદ રાજપુતના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કોમ્પીટીશન પુરી થઈ હતી.

વુશુ-કુંગ-ફુ (સાન્ડા ઈવેન્ટ) એસોશીએશન ઓફ ગુજરાતના ચીફ એક્ઝીક્યુટીવ શ્રી હાર્દિક બ્રહ્મભટ્ટ જણાવે છે કે આ બાળકો હવે નેશનલ લેવલની ચેમ્પીયનશીપ રમી સાબરકાંઠા તેમજ ગુજરાતનું નામ રોશન કરશે. આજની ૨૧મી સદીના સમયમાં બાળકો યુવક-યુવતીઓ માર્શલ આર્ટ જેવી કળામાં આગળ વધી તેમને સર્વોચ્ચ સાબિત કરવાની તક ઝડપી લેવાની આજના સમયમાં જરૂરી છે.

## આજે ભારતીય જનતા પાર્ટી, પાલનપુર શહેર-તાલુકાની બેઠક યોજાશે

પાલનપુર શહેર તાલુકા ભારતીય જનતા પાર્ટીના નવીન પ્રમુખોની સંરચના માટે આજ તા. ૨૩ને શનિવારના રોજ બપોરે ૧૨ કલાકે પાલનપુર શહેર તથા બપોરે ૨ કલાકે પાલનપુર તાલુકાની બેઠક બનાસકાંઠા ઠાકોર સમાજ સંસ્કાર મંડળ ગોબરી રોડ પાલનપુર મુકામે યોજાશે.

કંપની સમાચાર

## ટોયોટા દ્વારા ઈટીઓસ અને ઈટીઓસ લીવાની રજૂઆત

ટોયોટા કિર્લોસ્કર મોટર પ્રાઈવેટ લિ. દ્વારા નવી ઈટીઓસ અને ઈટીઓસ લીવા રજૂ કરવામાં આવી છે. આ કાર એક મહિનાથી ચાલી રહેલ ક્રિકેટ ટુનામેન્ટ- ટોયોટા યુનિવર્સિટી ક્રિકેટ ચેમ્પિયશિપની ફાઈનલ મેચ દરમિયાન રજૂ કરવામાં આવશે. ઈટીઓસ અને ઈટીઓસ લીવા વિશિષ્ટ ડિઝાઈનમાં બોલ્ડ અને ટ્રેન્ડી દેખાય છે. આ કાર યુવાવર્ગને બેનમૂન પ્રોડકટ આપવાની હેતુથી રજૂ કરાઈ છે અને ઈટીઓસ લીવાને વધુ લોકપ્રિય બનાવવાનું વચન આપે છે. ટોયોટા રેસિંગ ડેવલપમેન્ટ, જાપાન દ્વારા ડિઝાઈન કરાયેલ આ લિમિટેડ એડિશન કાર રેસિંગને ધ્યાનમાં રાખી પોતાની વિશિષ્ટ ડિઝાઈનથી અલગ ઓળખ ઉભી કરશે. લીવા ટીઆરડી સ્પોર્ટિવોને તેનું નામ કારના ટ્રેન્ડી લુકને કારણે અપાયું છે. જેની ડિઝાઈન ટીઆરડીએ સ્પોર્ટિવોની ખાસિયતોમાં ૧.૫ લિ. એન્જિન, ૯૦ પીએસ એન્જિન, એબીએસ, ૧૫ ઈંચ સ્મોકડ એલોય, ટીઆરડી એર કટ અને સીટ પર ટીઆરડી સ્પોર્ટિવો લોગોનો સમાવેશ થાય છે.

## વિધાનસભામાં ગાંધીનગર.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● પાણીની સુવિધા

ગાંધીનગરમાં પીવાના પાણીની સુવિધા અંગે ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર શહેરના વસાહતીઓ માટે પીવાના પાણીની સુવિધા વધારવાની મંજૂર થયેલ યોજના ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ પૂર્ણ થઈ ગયેલ છે.

આ યોજના અંતર્ગત સરકારે રૂ. ૨૨.૭૧ કરોડનો ખર્ચ કરેલ છે.

## તાળા ખુલશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શૌચાલયોની દરકાર ન લેવાતા આ પૈકી મોટાભાગના બિનઉપયોગી હોવાનું સ્પષ્ટ થયું છે. દાયકાઓના અંતે બિન ઉપયોગી નિવડેલા આ શૌચાલયોમાં અસહ્ય ગંદકી ખદબદી રહી છે. સાથોસાથ રાત્રિના સમયે દુષણો પાગંરતા હોવાની વ્યાપક ફરિયાદોથી ભદ્ર સમાજનું મોં વંકાયું છે. બીજી તરફ માર્ગ મકાન વિભાગ દ્વારા લાખોના ખર્ચે નવા બંધાયલા શૌચાલયોને પણ હજુ તાળા વાગેલા છે. લાખોના આંધણ પછી પણ ઉદઘાટનના વાંકે આ શૌચાલયો લોક ઉપયોગી ન બનતા સ્થાનિક નાગરિકોમાં પ્રબળ રોષ પ્રવર્ત્યો છે. માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરમાં સે-૭ શોપીંગ, સે-૧૭, સે-૨૮, સે-૧૬, સે-૧૬, સે-૨૯ ઘ-૬ કોર્નર અને સરિતા ખાતે પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધવામાં આવ્યા છે. પરંતુ નવનિર્મિત શૌચાલયો પર તંત્રએ તાળા મારી દેતા શોપીંગ વિસ્તારના વેપારીઓ સહિત આમ નાગરિકોની મુંઝવણ વધી છે. છેલ્લા ઘણાં સમયથી આ શૌચાલયોના તાળા ખોલવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે આખરે આ મામલે તંત્ર હરકતમાં આવતા ટૂંક સમયમાં નવા ટોઈલેટ બ્લોક લોકઉપયોગી બનશે. વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી મુજબ નવા શૌચાલયોની જવાબદારી ગુડાએ સ્વીકારતા તંત્ર દ્વારા પે એન્ડ યુઝ ટોયલેટ ગુડાને સોંપવામાં આવ્યા છે. ટૂંકમાં જ આ ટોયલેટના તાળા ખુલશે તેમ પણ જણાવાયું છે.

## પોલીસ પેટ્રોલીંગ શરૂ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં વધી રહેલા ગુનાખોરીના ગ્રાફને નિયંત્રીત કરવા માટે પોલીસની સતર્કતા જરૂરી બની છે. રાત્રી દરમ્યાન બનતા ઘરફોડ સહીતના ગુનાઓને અટકાવવા માટે અસરકારક પોલીસ પેટ્રોલીંગ જરૂરી છે. પરંતુ આળસુ બની ગયેલી કેટલીક પોલીસ રાત્રી પેટ્રોલીંગને નરમાઈથી લઈને ઘરે કે કોઈ આરામના ઠેકાણે બેસીને પેટ્રોલીંગના ખોટેખોટા લોકેશન આપી દેતા હોય છે. આ કરતુતને જળમુળથી કાઢી નાંખવાનો એક્શન પ્લાન જિલ્લા પોલીસે આરંભી દીધો છે. ગુડા દ્વારા શરૂ કરાયેલા કચરાના ડોર ટુ ડોર કલેક્શન માટેના બારકોડ પ્રોજેક્ટને અપનાવીને પેટ્રોલીંગ માટે પણ આ પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવ્યું છે. સે. ૭ પોલીસ સ્ટેશનથી આ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં સે. ૭ સીની પી.આઈ. એ.એમ. પરમારે જરૂરી એવા ૫૪ સ્થળો નક્કી કરીને બારકોડ સ્ટીકર લગાવડાવ્યા છે. આ ૫૪ સ્થળોનું લીસ્ટ રાત્રી પેટ્રોલીંગ કરતી પોલીસને આપી દેવામાં આવે છે. જેમણે તમામ સ્થળે જઈને સ્ટીકર પર સ્કેન કરી પોતાની હાજરી બતાડવી પડે તે સ્વાભાવીક છે. જેનાથી પેટ્રોલીંગ કામગીરી અસરકારક બનવા પામી છે.

### જાહેરાત

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરની કચેરી માટે ૧૧ માસના કરાર આધારિત ડ્રાયવર સંવર્ગની જગ્યા ભરવા માટે તા. ૧/૪/૨૦૧૩ના રોજ સમય સવારે ૧૧-૦૦ કલાકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક, ૩જો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે વૉક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યા | લઘુતમ લાયકાત | ફીક્સ પગાર | અનુભવ | ઉંમર વર્ષ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડ્રાયવર | ૧ (એક) | ધો. ૧૨ પાસ તેમજ એલએમવી લાયસન્સ ધરાવતા હોવા જોઈએ | રૂ. ૩૦૦૦/- પ્રતિ માસ | ૫ વર્ષ | ૨૧ થી ૩૫ વર્ષ |

ઉમેદવારે ઈન્ટરવ્યુમાં સ્થળે પોતાનો બાયોડેટા તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડી, શૈક્ષણિક લાયકાત, જાતિ, ઉંમર અને અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે રાખવાની રહેશે.

સહી/-
નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર

માહિતી/૨૫૦૨/૨૦૧૨/૧૩

### ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી., ગાંધીનગર

**જાહેર નિવિદા**

**જાહેરાત ક્રમાંક - ૧૪/૨૦૧૨-૨૦૧૩**

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ વિભાગ-૨, ઘ-ટાઈપ, બ્લોક નં. ૬૭૬/૪, સેક્ટર-૭/૮ના બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૮, ગાંધીનગર ફોન નંબર : ૦૭૯-૨૩૨૪૧૧૬૮ દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાન વિભાગમાં અને / અથવા નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન બી-૧ ભાવપત્રકો માંગવામાં આવે છે.

(૧) **કામનું નામ** : રસુલપુર તાલુકો-વડનગર ખાતે ધરોઈ મુખ્ય કેનાલથી મોઢેરા ધરોઈ પાઈપલાઈનના સંમ્પમાં ૨૦૦ ક્યુસેક પાણી લાવવા આરસીસી ઓપન ચેનલ બનાવવાની કામગીરી
(૨) **અંદાજીત રકમ** (૧) ૧૮,૮૩,૨૦૧/-
(૩) **ઈજારદારનો વર્ગ તથા ટેન્ડર ફી** : ઈ-૧ અને ઉપર રૂ. ૯૦૦/-
(૪) **ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને રજૂ કરવાની છેલ્લી તારીખ** : ૩૦/૩/૨૦૧૩, ૧૮-૦૦ કલાક સુધી
(૫) **ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો ફીજીકલી કચેરીમાં રજૂ કરવાની તારીખ** : ૧/૪/૨૦૧૩ના રોજ ૧૭-૦૦ કલાક સુધી (હાથોહાથ)

બાનાની રકમ મુદત ૧૮૦ દિવસની હોવી જોઈએ અન્યથા ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહીં.

વધુ વિગતો નિગમ/સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.in અને wwww.nwr.nprocure.com મારફતે જોઈ શકાશે તથા ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે.

માહિતી/૨૪૯૯/૧૨-૧૩